# 1986નું સુરત v/s 2026નું સુરત "તારું સુરત સારું કે મારું?"

**સોશિયલ મીડિયામાં અત્યારે 'Nostalgic 80s'નો જોરદાર ટ્રેન્ડ છે. AIની મદદથી આજની પેઢી પોતાનાં ફોટાને 80ના દાયકાની દુનિયામાં લઈ જઈ રહી છે–કોઈ સ્કૂટર પર, કોઈ Video Cassette હાથમાં તો કોઈ 'તે જમાનાના' હેરસ્ટાઇલમાં! તો વિચાર આવ્યો કે ફોટા જ કેમ? આખા સુરતને જ 80ના દાયકામાં પાછું મોકલી દઈએ! બસ, વાતો કરવા બેઠાં છે બે સુરત–એક 1986નું અને બીજું 2026નું. બંનેને પોતાના જમાનાનું ભારે ગૌરવ છે અને બંને માને છે કે 'અમારું સુરત એટલે બેસ્ટ!' પણ વાતચીત આગળ વધે તેમ એક વાત પર બંને સુરત એકમત થઈ જાય છે...**

**સુરત 2026**

**સુરત 2026**
હેલો કોણ?...

**સુરત 1986**
મેં તો હુરત, ઓગણીસ સો છ્યાસી, તુ કોણ?

**સુરત 2026**
I'm Surat 2026. તું એટલે મારું જૂનું વર્ઝન?

**સુરત 1986**
ઓ ભાઇ, જૂનું કોને કે છે? અમો તો મૂળ ભાઈ....original..

**સુરત 2026**
ઓહ! તો તું એ સુરત છે જ્યાં લોકો સાઇકલ પર ફરતા હતા?

**સુરત 1986**
ના હોં. અમે તો મસ્ત Fiat અને Ambassador માં પણ ફર્યા છે ભાઈ.

**સુરત 2026**
Fiat, Ambassador...એવા ખટારા?

**સુરત 1986**
હા ભાઈ...તમું તો નાકે જવા હારું પણ મોટર કાઢો અને તમારી આજની એક સાઇકલની કીમતમાં તો અમારી બબ્બે મોટર આવી જતી ઉતી.

**સુરત 2026**
ક્યાં તમારી મોટર અને ક્યાં અમારી SUV!

**સુરત 1986**
તો તો પેટ્રોલ હાવ હહતું હસે?

**સુરત 2026**
અરે યાર, એવું પૂછવાનું નહીં. લિટરે century મારી દીધી છે.

**સુરત 1986**
હેં, હું વાત કરે!

**સુરત 2026**
તારી પાસે Whatsapp હતું?

**સુરત 1986**
હેં, એ કઈ બલા?

**સુરત 2026**
Instagram અને Facebook?

**સુરત 1986**
આ તું હું વળી નવું નવું કાઢે છે ભાઈ. અમારી પાંહે તો ફોનબુક હતી.

**સુરત 2026**
તો પછી gossip કેવી રીતે કરતા?

**સુરત 1986**
Gossip સું...પંચાત કેવાય એને. એ તો ઓટલે હામ-હામે બેહીને કરતાં.

**સુરત 2026**
એ તો Dangerous Technology હતી. આજે ટાઇમ કોની પાસે છે સામે બેસવાનો?

**સુરત 1986**
તો પછી હમાચાર કેવી રીતે મળે?

**સુરત 2026**
Breaking news! Notifications! Live Updates! Reels! YouTube! Whatsapp Channel!

**સુરત 1986**
ઓ બાપ રે!અમારે તો હવારે *'ગુજરાતમિત્ર'* આવે.

**સુરત 2026**
અમારે પણ આવે છે. ઘરે, તમારા જનરેશન માટે અને મોબાઈલમાં Gen-Z અને Gen-Alpha માટે.

**સુરત 1986**
અલ્યા, પણ છાપું તો ચા સાથેજ વાંચતા હસો ને?

**સુરત 2026**
ચા હોય, ગ્રીન ટી hoy કે બ્લેક કોફી... સાથે ગુજરાતમિત્ર તો ખરું જ.

**સુરત 1986**
હાશ...આ તો નથી બદલાયું.

**સુરત 2026**
તમારી પાસે Google Maps તો હશે જ ને?

**સુરત 1986**
ઓ ભાઈ...એ વળી હું?

**સુરત 2026**
તો રસ્તો કેવી રીતે શોધતાં?

**સુરત 1986**
એમાં Map વળી કેવો? પાનના ગલ્લાવાળો કે રસ્તે ચાલનારો બતાડે એ જ Map.

**સુરત 2026**
જો ખોટો રસ્તો બતાવે તો?

**સુરત 1986**
હામે રીક્ષાવાળા ને પૂછી લેવાનું.

**સુરત 2026**
અમે તો Google Maps ને ફોલો કરીએ. એ રસ્તો પણ બતાવે ને ટ્રાફિક પણ.

**સુરત 1986**
ઘરમાં બેઠા રસ્તો અને ટ્રાફિક બતાવે એ ફોન હું કામનો?

**સુરત 2026**
OMG! You are old school. ફોન એટલે તમારો કાળો ડબ્બો નહીં, સ્માર્ટફોન કહેવાઇ એને જે હાથમાં કે ખિસ્સામાં સાથે લઈને ફરીએ.

**સુરત 1986**
કેટલો સ્માર્ટ?

**સુરત 2026**
મારા-તમારા કરતાં પણ વધારે.

**સુરત 1986**
અમારે તો એકજ ફોન. વાગે એટલે બધા લેવા દોડે.

**સુરત 2026**
અમારે તો ફોન સાથે ને સાથે જ ફરે.

**સુરત 1986**
વાહ રે, પ્રગતિ!

**સુરત 2026**
તમારી પાસે OTT પ્લેટફોર્મ્સ ખરા?

**સુરત 1986**
અમે તો ભાઈ સુરત સ્ટેશનના 3 પ્લેટફોર્મ જાણીએ.

**સુરત 2026**
અરે એમ નહીં. I mean Netfilx, YouTube, Prime Video etc.

**સુરત 1986**
જો પાછો...કઈ હમજાય એવું બોલને ભાઈ.

**સુરત 2026**
તો Entertainment શું?

**સુરત 1986**
Cinema...

**સુરત 2026**
ઘરે?

**સુરત 1986**
ના ભઈ ના. લાઇનમાં ઉભા રહીને સુરત 1986 :ટિકિટ લઈને ટોકિઝમાં સિંગચણા ખાતા ખાતા જોતા.

**સુરત 2026**
તો પછી Pause કે Skip કેવી રીતે કરતાં?

**સુરત 1986**
વચ્ચે 10 મિનિટનો Interval પડે એ Pause. બાકી તો ભાઈબંધો જોડે મસ્ત 3 કલાકનો પોગ્રામ થઈ જતો હોય તેમાં વળી Skip હું કરવાનું.

**સુરત 2026**
અને કામ-ધંધો શું?

**સુરત 1986**
કેમ વળી? ટેક્સટાઇલ અને ડાયમંડ તો ખરાજ ને.

**સુરત 2026**
તે તો આજે પણ છે અને સાથે 3 M's પણ ખરા...Malls, Multiplex and Metro.

**સુરત 1986**
સુરતની સુરત તો ઘણી બદલાઈ ગઈ છે નઇ? પણ ખાણી-પીણીના હું હાલ?

**સુરત 2026**
એતો હજીય એવુંજ જોરદાર. સુરતનું જમણ અને કાશીનું મરણ.

**સુરત 1986**
વાહ ભઇલા! આ તો અમારા જમાનાની કેવત. સુરત હજીય સુરત છે ખરું.

**સુરત 2026**
Absolutely.
Technology બદલાઈ.
રસ્તા બદલાયા.
શેહર બદલાયું.
સમાચાર મેળવવાની રીત બદલાઈ.
પણ, સુરતની સુરતીગીરી નથી બદલાઈ.

**સુરત 1986**
અને ગુજરાતમિત્ર?

**સુરત 2026**
163 વર્ષથી Offline. હવે Online અને AI સાથે પણ.

**સુરત 1986**
તો મને એક વાત કહી દે કે તે ગુજરાતમિત્ર વાંચ્યું?

**સુરત 2026**
બસ, હવે તમે ફોન મૂકો એટલે હું મારી કોપી શોધીને ક્યા પછી મારા સ્માર્ટફોન પર વાંચી લઇશ.

**સુરત 1986**
ચાલ ત્યારે, આવ જો...























